# વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના 'એઆઈસીઆરપી ઓન સીડ્સ-ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' અંતર્ગત મુ. હમીરપુરા, તા. કપડવંજ જી. ખેડા ખાતે તા. ૧૯ ઓકટોબર ૨૦૨૨ ના રોજ 'મગફળી પાક' અંગેના તાલીમ કાર્યક્રમનું આયોજન

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના એઆઈસીઆરપી ઓન સીડ્સ-ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' અંતર્ગત વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા મુ. હમીરપુરા, તા. કપડવંજ, જી. ખેડા ખાતે તા. ૧૯ ઓકટોબર ૨૦૨૨ ના રોજ 'મગફળી પાક' અંગેના તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ તાલીમમાં આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના વિભાગીય સંશોધન કેન્દ્રના વડા, નોડલ ઓફીસર(સીડ) અને સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડો. એ. એસ. ભાણવડીયાની ઉપસ્થિતિમાં '30' જેટલાં ખેડુતોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. સૌ પ્રથમ નોડલ ઓફીસર (સીડ) ડો. એ. એસ. ભાણવડીયાએ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના 'એઆઈસીઆરપી ઓન સીડ્સ-ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' અંગેની માહિતી આપી. ત્યાર બાદ આ વિસ્તારના ખેડૂતોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ **મગફળીની નવી જાત જી. જી. ૩૪** ની ખાસિયતો, અને ખેતી પધ્ધતિઓ વિષે માર્ગદર્શન આપ્યું હતું અને ચોમાસું ઋતુમાં જે ખેડૂતના ખેતર પર **મગફળીની નવી જાત જી. જી. ૩૪** કરવામાં આવેલ, તેના અનુભવોની ચર્ચા કરવામાં આવેલ. મગફળીની આ જાત, આ વિસ્તારના ખેડૂતોને આશાસ્પદ લાગેલ.

ત્યાર બાદ ડો. જ્યોતિબેન દુલેરા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે, મગફળી પાકમાં રોગ વ્યવસ્થાપન અને નિયંત્રણ વિષે, પ્રો. હિતીક્ષાબેન પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે મગફળીની વિવિધ જાતો વિષે, તેમજ પ્રો. વી. કે. ચૌધરી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે મગફળી પાકમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન અને નિયંત્રણના વિવિધ ઉપાયો વિષે ઉંડાણપુર્વક માહિતી આપેલ.













